ગાંધીનગર સમાચાર

હવે સાતમા ગુણોત્સવમાં શિક્ષકોને પણ ગ્રેડ અપાશે

# શહેરના શિવાલયોમાં શ્રધ્ધાનુ ઘોડાપુર

**શિવભક્તો ભોળાનાથની ભક્તિવંદનામાં તરબોળ થયા : રંગબેરંગી રોશની,રંગોળી અને ફુલોની વિશિષ્ટ સજાવટથી શિવમંદિરોમાં દિવ્ય અને ભવ્ય નઝારો : ભોળાનાથને દુધ અને જળાભિષેક સાથે બિલીપત્ર અર્પણ કરવા ભાવિકોની ભીડ જામી : નગરના શિવાલયોમાં લઘુરુદ્ર, મહાઆરતી, મહાપુજા, ભજન સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા**







ગાંધીનગર તા ૨૪

શિવરાત્રીના પાવન પર્વની ઉજવણી દરમિયાન નગરજનો શિવભક્તિમાં તલ્લીન જોવા મળ્યા હતા. ભોળાનાથને રીઝવવા માટે શિવમંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી હતી. બમ બમ ભોલે... અને હર હર મહાદેવના જયઘોષથી નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હતી. નગરના શિવાલયોમાં લઘુરુદ્ર, ભજન મહાઆરતી સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભાવિકો દ્વારા ભગવાનને વિશિષ્ટ શૃંગાર કરવામાં આવ્યો હતો. શિવમંદિરોમાં પણ રંગબેરંગી રોશની જગમગતી જોવા મળી હતી. રંગોળી, રોશની અને ફુલોની સજાવટથી શિવમંદિરો નો નઝારો દિવ્ય અને ભવ્ય જોવા મળ્યો હતો. શિવમંદિરોમાં ભોળાનાથની ભક્તિ સાથે ભાવિકોએ મેળામાં પણ મજા માંણી હતી. મંદિરોમાં ભાંગના પ્રસાદનુ પણ વિતરણ કરાયુ હતુ. ભગવાનને દુધ અને જળાભિષેક કરી બિલીપત્ર અર્પણ કરવા માટે શ્રધ્ધાળુઓની ભીડ જામી હતી. રાત્રિના સમયે પણ મહાપુજા અને ભજનની રંગત જામી હતી.

હર હર મહાદેવ અને બમ બમ ભોલેના જયઘોષ વચ્ચે નગરના શિવમંદિરોમાં શિવભક્તોનુ ઘોડાપુર ઉમટ્યુ હતુ. ભગવાન ભોળાનાથની કૃપા દ્રષ્ટી મેળવવા માટે ભાવિકોએ શિવલીંગ પર દુધ અને જળાભિષેક સાથે બિલીપત્ર અર્પણ કરી શિવપુજા કરી હતી. નગરના શિવમંદિરોને રંગબેરંગી રોશની અને રંગોળીથી સજાવાયા હતા. જયારે સે-૨૧માં વૈજનાથ મહાદેવ મંદિરમાં ફુલોનો વિશિષ્ટ શણગાર જોવા મળ્યો હતો. રંગોળી અને ફુલોનો શણગાર ભાવિકો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો. સે-૩ રામેશ્વર મંદિરમાં પણ બરફના શિવલીંગના દર્શન કરવા ભાવિકોની ભીડ ઉમટી હતી. સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિરમાં પણ શિવરાત્રી નિમિત્તે ભાવિકોની ભીડ જામી હતી. ભગવાનની ભવ્ય પુજા અર્ચના કરવામાં આવી હતી. શિવરાત્રી નિમિત્તે નગરના પંચદેવ મંદિરમાં પણ વિશિષ્ટ પુજા અને મહાઆરતી કરવામાં આવી હતી. જયારે ભોળાનાથના દર્શન માટે ભાવિકોની ભીડ ઉમટી હતી. જયારે શિવરાત્રીના મેળામાં પણ સ્થાનિકો ઉપરાંત આસપાસના ગ્રામજનોએ મુલાકાત લીધી હતી. સે-૯ ભુવનેશ્વર મંદિરમાં પણ કમળનુ શિવલીંગ ભાવિકોની આસ્થાના કેન્દ્ર સ્થાને હતુ. દિવસ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. સે-૯ ચંદ્રમોલેશ્વર મંદિર અને સે-૧૬ સોમનાથ મંદિરમાં પણ ભાવિકોની ભીડ જામી હતી. અહીં પણ લઘુરુદ્ર અને મહાઆરતી સહીતના ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. શહેર નજીકના વાસણિયા મહાદેવ મંદિરમાં પણ શિવાલયમાં વિશિષ્ટ શણગાર કરવામાં આવ્યો હતો. જયાં પુર્વમુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પુજા વિધિનો લાભ લીધો હતો. વૈજનાથ મહાદેવમાં શહેર તેમજ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. આ ઉપરાંત નારદીપુર સ્થિત હાટકેશ્વર મહાદેવ મંદિરમાં પણ આકર્ષક રંગોળી અને ફુલોના શણગારથી મંદિરને સુશોભિત કરાયુ હતુ. ભાવિકાએ શિવરાત્રીની વિશિષ્ટ પુજાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. લીંબડીયામાં પંચેશ્વર મહાદેવ મંદિરમાં પણ શિવભક્તોની ભીડ જામી હતી. નગરજનો સવારથી જ શિવભક્તિમાં તલ્લીન જોવા મળ્યા હતા. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલે પીલયડ મહાદેવ મંદિરમાં ૧૦૮ કમળના પુષ્પો ભોળાનાથને અર્પણ શિવપુજા કરી હતી. નગરમાં શિવરાત્રી નિમિત્તે વિવિધ શિવાલયોમાં રંગોળી અને ફુલોના સુશોભન અને રોશનીના ઝગમગાટ વચ્ચે ભાવિકો ભક્તિ રસમાં તરબોળ જોવા મળ્યા હતા. રાત્રિના પણ શિવમંદિરોમાં પ્રદોષ પુજામાં ભાવિકો તલ્લીન જોવા મળ્યા હતા.

## પંચદેવ મંદિરના લોકમેળામાં માનવ મહેરામણ ઉમટ્યો

દરવર્ષની જેમ ગાંધીનગર શહેરના પંચદેવ મંદિર ખાતે શિવરાત્રીનો ભવ્ય પરંપરાગત લોકમેળો યોજાયો હતો. શહેરના શિવભકતો સવારથી જ મોટીસંખ્યામાં દર્શન માટે આવી પહોંચ્યા હતા. હરહર મહાદેવના નારાથી મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટીસંખ્યામાં ભકતો દર્શન માટે આવી પહોચ્યા હતા અને મેળાની મોજ માણી હતી. સેકટર-૨૨ મંદિર ખાતે આજે માનવ મહેરામણ જોવા મળ્યો હતો. હૈયે થી હૈયુ દળાય તેવી ભીડ જામી હતી. ત્યારે મેળા આવેલ ભકતો એ વિવિધ ચીજવસ્તુની ખરીદી કરીને ચા-નાસ્તાની જયાફત માણી હતી. વેપારીઓ પણ મોટીસંખ્યામાં આવી પહોંચ્યા હતા. રમકડા, ઘર સજાવટની ચીજો, ચકરડી, ચગડોળ, રમત-ગમતના સાધનો સહિત જરુરી ચીજવસ્તુની ખરીદી કરતા પણ નાગરીકો નજરે પડ્યા હતા.

## મેળામાંથી ત્રણ શકમંદ ટાબરીયા પકડાયા

ગાંધીનગર ખાતે યોજાયેલ શિવરાત્રીના લોકમેળામાં પોલીસે ત્રણ શકમંદ ટાબરીયાને પકડી પાડ્યા છે. મેળામાં મોટીસંખ્યામાં ભકતો આવતા હોવાથી પીક પોકેટીંગના કિસ્સા પણ વધુ થતા હોય છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેને પગલે મેળામાંથી ત્રણ વિવિધ જગ્યાએથી શકમંદ ટાબરીયા પોલીસની નજરે પડ્યા હતા. જેને તાત્કાલીક પકડી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાન્ત આજે ગાંધીનગરના અતિથિ બનશે

ગાંધીનગર, તા. ૨૪

નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાન્ત આજે ગાંધીનગરના અતિથી થશે.

સ્વર્ણિમ સંકુલના દ્વારકા હોલમાં કેશલેસ ટાઉનશીપ બનાવવા અંગે સરકાર દ્વારા યોજાયેલા એક રાજ્ય સ્તરના વર્કશોપમાં તેઓ હાજરી આપનાર છે.

નોટબંધી પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેશલેસ સોસાયટીના અભિગમને સાકાર કરવા માટે તાજેતરમાં જીએનએફસી ભરૂચ ખાતે પ્રથમ કેશલેસ ટાઉનશીપ સીસ્ટમનો આરંભ મુખ્યમંત્રી રૂપાણીએ કરાવ્યો છે. આ સંદર્ભમાં રાજ્યના ઘણા બધા ગામડાઓએ પણ અભિગમનો આવકારી અમલમાં મુકેલ છે.

રાજ્યના ૧૮૦ ટાઉનશીપના વહીવટી અધિકારીઓ અને જિલ્લા કલેકટરોની ઉપસ્થિતિમાં રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી વર્કશોપનો આરંભ કરાવવાના છે. આ વર્કશોપમાં બેંકિંગ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહેશે તેમ મનાઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# હવે સાતમા ગુણોત્સવમાં શિક્ષકોને પણ ગ્રેડ અપાશે

**ટીચર્સ પોર્ટલને તાત્કાલિક અપડેટ કરી વિગતો મોકલી આપવા શિક્ષણતંત્રના આદેશો**

ગાંધીનગર, તા. ૨૪

સાતમા ગુણોત્સવમાં શાળાની સાથે સાથે શિક્ષકોનું પણ ગ્રેડીંગ કરવાનું હોવાથી ટીચર્સ પોર્ટલને અપડેટ કરવા માટેના આદેશો જારી કરવામાં આવ્યા છે.

ટીચર્સ પોર્ટલમાં શિક્ષકનું નામ, વિષય અને વર્ગ સહિતની વિગતો દર્શાવવા માટે જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત ટીચર્સ પોર્ટલમાં દર્શાવેલી શિક્ષકોની માહિતીમાં કોઈ ભૂલ કે ત્રુટી છે કે નહિ તેની કલસ્ટર મુજબની સી.આર.સી.ને ચકાસણી કરવાની સૂચના પણ આપવામાં આવી છે.

પ્રાથમિક શાળાનું શૈક્ષણિક સ્તર સુધારવા માટે છેલ્લા છ વર્ષથી યોજાતો ગુણોત્સવનો કાર્યક્રમ પણ આ વર્ષે યોજવામાં આવ્યો હતો. ચાલુ વર્ષે યોજાયેલા ગુણોત્સવમાં શાળાની સાથે સાતે શિક્ષકોનું ગ્રેડીંગ કરવાનો પણ શિક્ષણ વિભાગે નિર્ણય કર્યો છે.

શિક્ષકોને મળેલા ગ્રેડને આધારે તેમની સામે ખાતાકીય પગલાં લેવાનો નિયમ પણ શિક્ષણ વિભાગે બનાવ્યો છે. જેમાં સી અને ડી ગ્રેડ મેળવનાર શિક્ષકોની બદલી કે ઈજાફો અટકાવવા સહિતના પગલાં લેવામાં આવનાર હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

શિક્ષકોના ગ્રેડની નોંધ તેમની સર્વિસ બુકમાં પણ કરવામાં આવશે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

સાતમા ગુણોત્સવ અંતર્ગત ટીચર્સ પોર્ટલમાં શિક્ષકોની વિગતો અપડેટ કરવાના આદેશને પગલે શિક્ષકઆલમ દોડતી થઈ ગઈ છે.

યુઝર ડાયલ અંતર્ગત ૨૦૧૬-૧૭માં સમાવિષ્ટ શિક્ષકોના નામ, શાળાનું નામ, વિષય, વર્ગસહિતની વિગતો દર્શાવતુ આ ટીચર પોર્ટલ બનાવવામાં આવ્યું છે. ટીચર્સ પોર્ટલ અપડેટ કરવા માટે વારંવાર સુચનાઓ પણ તંત્રને આપવામાં આવી છે.

અગાઉ બીજા કે ત્રીજા ગુણોત્સવ વખતે ટીચર્સ પોર્ટલમાં ગ્રેડીંગ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ આ પછી તંત્ર દ્વારા પણ ઉદાસીનતા દાખવવામાં આવી હતી. આ વખતે ગુણાત્મક શિક્ષણને લઈ સરકાર ગંભીર બની હોઈ તેણે આ એદશો જારી કર્યા છે.

## જાહેર નોટીસ

હમો એડવોકેટ સીરાજ એ. મનસુરી તે આથી હમારા અસીલ (૧)પ્રવિણભાઈ ઈશ્વરભાઈ પટેલ ઠે. ૧૧, નિરાંત પાર્ક કો.ઓ.હાઉસીંગ સોસાયટી, સુદર્શન ટાવર નજીક, થલતેજ, અમદાવાદ મો.(૧)૯૮૨૫૭૮૦૦૨૧,(૨)૯૮૨૫૪૬૪૫૨૧ ના તરફથી મળેલ સુચના અને ફરમાઈશ અન્વયે સમગ્ર જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે., તા.૯/૭/૨૦૦૮ ના રોજ હમારા અસીલ તથા પ્રવિણભાઈ મુલચંદભાઈ પટેલ, જયેન્દ્રકુમાર મુલચંદભાઈ પટેલ, લલીતાબેન પ્રવિણભાઈ પટેલ, અલ્કેશભાઈ ઈશ્વરભાઈ પટેલ, વિગેરે - ૧૦ ભાગીદારોએ મળી શ્રીનાથ કોર્પોરેશનના નામની જમીન ખરીદ, વેચાણ કરવાનો ધંધો શરૂ કરેલો અને ડીડમાં જણાવેલ વિગતે દરેકના ભાગ નક્કી થયેલ હતા.

ત્યારબાદ શ્રીનાથ કોર્પોરેશનના નામથી સાયરા ગામની સીમના સ.નં. ૮૬૩ તથા ૮૬૨/૧ ની જમીન ખરીદ કરી દ્વારકાપુરીના નામે બંગ્લોઝ, ફ્લેટ, દુકાનો તથા ટેનામેન્ટનું કામકાજ ચાલુ કરેલ તા. ૧૯/૦૭/૨૦૧૧ ના રોજ શ્રીનાથ કોર્પોરેશનના ભાગીદારોએ એક ભાગીદાર પ્રવિણભાઈ મુલચંદભાઈ પટેલને સ.નં. ૮૬૩ ના બાંધકામ બાબતેનો વહીવટ કરવા પાવર ઓફ એટર્ની કરી આપેલી, જ્યારે તા. ૨૧/૨/૧૪ ના રોજ શ્રીનાથ કોર્પોરેશનના તમામ ભાગીદારોએ વિનોદકુમાર ઈશ્વરભાઈ પટેલની તરફેણમાં સર્વે નં. ૮૬૨/૧ ની જમીનમાં આવેલ દ્વારકાપુરીમાં આવેલ પ્લોટ, દુકાનો, ફ્લેટો વિગેરે માટે વહીવટ કરવા પાવર ઓફ એટર્ની કરી આપેલ. પરંતુ કેટલાક ભાગીદારોની ગેરવર્તણુક અને પાવર ઓફ એટર્નીના ખોટા ઉપયોગ થતા હોવાનું જણાતા તા. ૧૪/૧૦/૧૫ ના રોજ હમારા અસીલ તથા ઉપર જણાવેલ શ્રીનાથ કોર્પોરેશનના બીજા ભાગીદારો મળી કુલ ૧૦ ભાગીદારોએ મોડાસા ખાતે ભેગા થઈ ચર્ચા કરેલી અને અમારા અસીલ સીવાયના બાકીના ભાગીદારોએ પોતાના તમામ હિસાબો કરેલ અને ભાગીદારી પેઢીમાંથી છુટા થયેલા અને સીરીયલ નંબર ૪૭૨૬, ૪૭૨૭ થી તા. ૧૫/૧૦/૧૫ ના રોજ સ.નં. ૮૬૩ માં આવેલી મિલકતો બાબતે કાયદેસર પાવર ઓફ એટર્ની કેન્સલ કરવામાં આવેલ અને પટેલ પ્રવિણભાઈ મુલચંદભાઈ, લલીતાબેન પ્રવિણભાઈ પટેલ, જયેન્દ્રકુમાર મુલચંદભાઈ પટેલનાઓને ભાગીદારી પેઢીમાંથી નીકળતી રકમ ચુકતે હિસાબ કરીને રકમ મળી ગયેલ છે. તે બદલ સોગંદનામું કરેલ છે. પાવર ઓફ એટર્ની રદ કરેલ છે. આ મિલકતમાં પટેલ પ્રવિણભાઈ મુલચંદભાઈ, લલીતાબેન પ્રવિણભાઈ પટેલ, જયેન્દ્રકુમાર મુલચંદભાઈ પટેલનો કોઈ હક્ક દાવો નથી. તા. ૧૪/૧૦/૧૫ ના રોજ ડીડ ઓફ રીટાયરમેન્ટ કમ પાર્ટનરશીપ ફર્મ તમામ ભાગીદારીની સહીઓથી કરવામાં આવેલું જેમાં એકમાત્ર અમારા અસીલ ભાગીદારો તરીકે બાકી રહેલા. છુટા થનાર પટેલ પ્રવિણભાઈ મુલચંદભાઈ, લલીતાબેન પ્રવિણભાઈ પટેલ, જયેન્દ્રકુમાર મુલચંદભાઈ પટેલ ભાગીદારોએ પોત પોતાના હિસાબ વસુલ મેળવી તે બાબતેના અને સ.નં. ૮૬૨/૧,૮૬૩ ની મિલકતોમાં પોતાનો કોઈ જ હક્ક, હિત કે હિસ્સો રહેતો ન હોવા બાબતે કાયદેસરના સોગંદનામાઓ કરી આપેલા છે. ત્યારબાદ ભાગીદાર મહેશકુમાર જયંતીલાલ ઘોડા ઠે.૫૫, ગુજરાત હાઉસીંગ સોસાયટી, મોડાસા, તા.મોડાસા, જી.અરવલ્લીનાઓ પોતાનો સંપૂર્ણ હિસાબ સમજી તા. ૩૦/૧૧/૨૦૧૬ થી શ્રીનાથ કોર્પોરેશનની ભાગીદારી પેઢીમાંથી સ્વેચ્છાએ રાજી ખુશીથી છુટા થઈ ગયેલા છે. જેથી હવેથી એટલેકે તા. ૩૦-૧૧-૨૦૧૬ થી આ મિલકતોના એકમાત્ર માલિક અને કબજેદાર એકમાત્ર હમારા અસીલ છે. અને અમારા અસીલ સિવાય આ મિલકતોમાં બીજા કોઈનો તથા છુટા થનાર ભાગીદારોનો કોઈ હકીકત હિસ્સો રહેતો નથી અને વેચાણ કર્યા સિવાયની બાકી રહેતી સ.નં. ૮૬૨/૧,૮૬૩ હાલની વેચાણ કર્યા સિવાયની બાકી જે મિલકત વેચાણ થયેલ હોય અને દસ્તાવેજ બાકી હોય અને નાણાં લેવાના બાકી રહેતી મિલકતો બાબતે હમારા અસીલ (૧) પટેલ પ્રવિણભાઈ ઈશ્વરભાઈ સિવાય બીજા કોઈનો સંપર્ક ન કરવા કે લેવડ-દેવડ ન કરવા જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવેલ છે. સ.નં. ૮૬૨/૧,૮૬૩ ની મિલકતો વેચાણ કરવા અને રકમ મેળવવા એકમાત્ર હમારા અસીલ (૧) પટેલ પ્રવિણભાઈ ઈશ્વરભાઈ હકદાર હોઈ તેઓની સહી સંમતિ સિવાય કોઈપણ જાતનો કોઈ વ્યવહાર કે લેવડ-દેવડ કરવી નહી. જે તે પણ જાહેર જનતાને આ જાહેર નોટીસથી જણાવવામાં આવેલ છે.

**સુચના અન્વયે.**
**સંપર્ક : પટેલ હરીશભાઇ બી. રહે. અમદાવાદ (મો.નં.૯૮૨૫૭૮૦૦૨૧)**
**સમય : સોમવારથી શુક્રવાર સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક અમદાવાદ મુકામે**

**સીરાજ એ. મનસુરી (એડવોકેટ)**
**૨૫, સંજર સોસાયટી, ડુઘરવાડા રોડ, મોડાસા**


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેકટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com